:: <u>અઘાટ વેચાણનો દસ્તાવેજ</u> ::

સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના ગામ દુધરેજ મધ્યે સુરેન્દ્રનગર સુધરાઈ હદમાં નર્મદા કેનાલની પાસેના વિસ્તારમાં "શીવ સર્જન"ના નામની ઓળખાતી ટાઉનશીપમાં આવેલ રહેણાંકના પ્લોટનો રૂા.૧,૩૬,૫૦૦/– અંકે રૂપીયા એક લાખ છત્રીસ હજાર પાંચસો પુરાનો અઘાટ વેચાણનો દસ્તાવેજ.

દુધરેજ રે.સર્વે નં.૧૫૮ (જુનો રે.સર્વે નં.૪૧૫) જેના કુલ ચો.મીટર : ૨૧૪૯૨.૦૦ ના આશરે માપ વાળી રહેણાંકના હેતું માટે બીનખેતી થયેલ જમીનનાં પ્લોટો પૈકી પ્લોટ નં.૫૧ જેના ચો.મીટર : ૮૭.૭૫ એટલે કે જેના ચો.વાર : ૧૦૪.૯૫ ના આશરે માપની ખુલ્લી જમીન.

---

સવંત : ૨૦૭૫,

લખાવી લેનાર : ................................,
ઉ.વ.આ.....,ધર્મે : ......., ધંધો :............,
રહે
Aadhar Card NO.

લખી આપનાર : **રાજેશભાઈ અરજણભાઈ આહીર,**
ઉ.વ.આ.૪૮,ધર્મે : હિન્દું,ધંધો : વેપાર,
રહે.એચ/૫૪, જી.આઈ.ડી.સી. રેસીડેન્સ એરીયા,
જી.આઈ.ડી.સી.ગાર્ડનની સામે,વઢવાણ.
Rera Ragistration No.
PAN NO. AAVPA 3579 M
Aadhar Card NO.

જત આજરોજ અમો લખી આપનાર લખી આપી બંધાઈએ છીએ કે, ::–

(૧) સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના ગામ દુધરેજ મધ્યે સુરેન્દ્રનગર સુધરાઈ હદમાં નર્મદા કેનાલની પાસેના વિસ્તારમાં "શીવ સર્જન"ના નામની ઓળખાતી ટાઉનશીપમાં આવેલ દુધરેજ રે.સર્વે નં.૧૫૮ (જુનો રે.સર્વે નં.૪૧૫) જેના કુલ ચો.મીટર : ૨૧૪૯૨.૦૦ ના આશરે માપ વાળી રહેણાંકના હેતું માટે બીનખેતી થયેલ જમીનનાં પ્લોટો પૈકી પ્લોટ નં.૫૧ જેના ચો.મીટર : ૮૭.૭૫ એટલે કે જેના ચો.વાર : ૧૦૪.૯૫ ના આશરે માપની ખુલ્લી જમીન અમો લખી આપનારની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ છે. આ સદરહું પ્લોટ વાળી ખુલ્લી જમીન આજરોજ તમો લખાવી લેનારને તેની હાલમાં ચાલતી બજાર કિંમતે ઠરાવેલ કિંમત રૂા.૧,૩૬,૫૦૦/– અંકે રૂપીયા એક લાખ છત્રીસ હજાર પાંચસો પુરામાં અઘાટ વેચાણ આપેલ છે. અને તેનો આ અઘાટ વેચાણનો દસ્તાવેજ તમો લખાવી લેનારના નામનો કરી આપેલ છે. અને આ સદરહું પ્લોટ વાળી ખુલ્લી જમીનનો શાંત,ખાલી અને પ્રત્યક્ષ કબજો પણ તમો લખાવી લેનારને આજરોજ સોંપી આપેલ છે.

(૨) સદરહું તમોને વેચાણ આપેલ પ્લોટ વાળી જગ્યાંની મુળમાં હકીકત એવી છે કે દુધરેજ જુનો રે.સર્વે નં.૪૧૫ જેના એકર : ૩–૧૦ ગુંઠા એટલે કે જેના હે.આરે.: ૧–૩૧–૫૨ (ચો.મીટર) ના આશરે માપની બીનપીયત સીમ જમીન તથા દુધરેજ જુનો રે.સર્વે નં.૪૧૬ જેના એકર : ૧–૩૭ ગુંઠા એટલે કે જેના હે.આરે.: ૦–૭૭–૯૦ (ચો.મીટર) ના આશરે માપની બીનપીયત સીમ જમીનના મુળ માલીકશ્રી ચંદુભા નથુભા ઝાલાની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ હતી ત્યાર બાદ ચંદુભા નથુભા ઝાલાનું તારીખ : ૩૦/૦૯/૧૯૯૯ ના રોજ અવશાન થયેલ અને તેઓના સીધીલીટીના હયાત વારસો દરજજે...તેઓના એકજ પુત્ર ગંભીરસિંહ ચંદુભા ઝાલાનું નામ દાખલ થયેલ અને જે અંગેની દુધરેજ ગામ નમુંના નં.૬ ના હકકપત્રકે વારસાઈ નોંધ નં.૧૫૫૭૫, તારીખ : ૦૫/૧૦/૧૯૯૯ ના રોજ દાખલ થયેલ અને આ સદરહું ઉપરોકત બન્નેં સીમ જમીન ગંભીરસિંહ ચંદુભા ઝાલાના સ્વતંત્ર નામે નોંધાયેલ ત્યાર બાદ આ સદરહું બન્નેં ખેતરો એકબીજાને જોડાજોડ આવેલ હોય બન્નેં ખેતરોને એકત્રીકરણ કરવા અંગેની વઢવાણના મામલતદાર સાહેબશ્રી ને અરજી કરતાં વઢવાણના મહે.મામલતદાર સાહેબે તેમની કચેરીના હુકમ નં.જમન/વ/વઢવાણ/એકત્રીકરણ/૪૧૯૦/ ૨૦૧૦, તારીખ : ૨૭/૧૨/૨૦૧૦ ના રોજ સદરહું બન્નેં ખેતરોના એકત્રીકરણ અંગેનો હુકમ કરી આપેલ જે હુકમ મુજબ બન્નેં સીમ જમીનને એકત્ર કરી નવો સર્વે નં.૪૧૫ જેનું કુલ ક્ષેત્રફળ એકર : ૫–૦૭ ગુંઠા એટલે કે જેના હે.આરે.: ૨–૦૯–૪૨ ના આશરે માપથી આપવામાં આવેલ જે અંગેની દુધરેજ ગામ નમુંના નં.૬ ના હકકપત્રકે જોડાણ એકત્ર અંગેની નોંધ નં.૨૫૭૫૬, તારીખ : ૨૭/૧૨/૨૦૧૦ ના રોજથી હુકમી નોંધ દાખલ થયેલ અને આ સદરહું દુધરેજ જુનો રે.સર્વે નં.૪૧૫ જેના એકર : ૫–૦૭ ગુંઠા એટલે કે જેના હે.આરે.: ૨–૦૯–૪૨ (ચો.મીટર) ના આશરે માપની બીનપીયત સીમ જમીન ગંભીરસિંહ ચંદુભા ઝાલાના સ્વતંત્ર નામે દુધરેજ રેવન્યું રેકર્ડે નોંધાયેલ ત્યાર બાદ આ સદરહું સીમ જમીન ગંભીરસિંહ ચંદુભા ઝાલાની પાસેથી તારીખ : ૩૦/૧૨/૨૦૧૦ ના રજી.દસ્તાવેજ નં.૭૯૦૮ થી રણછોડભાઈ પ્રભુભાઈ પટેલએ અઘાટ વેચાણ રાખેલ અને તેનો કબજો ધારણ કરેલ જે અંગેની દુધરેજ ગામ નમુંના નં.૬ ના હકકપત્રકે વેચાણ નોંધ નં.૨૫૯૦૬, તારીખ : ૦૭/૦૩/૨૦૧૧ ના રોજથી દાખલ થયેલ અને આ સદરહું સીમ જમીન રણછોડભાઈ પ્રભુભાઈ પટેલના સ્વતંત્ર નામે નોંધાયેલ ત્યાર બાદ આ સદરહું સીમ જમીન રણછોડભાઈ પ્રભુભાઈ પટેલની પાસેથી તારીખ : ૧૮/૦૫/૨૦૧૭ ના રજી.દસ્તાવેજ નં.૧૬૩૪ થી અમો લખી આપનારએ અઘાટ વેચાણ રાખેલ અને તેનો કબજો ધારણ કરેલ જે અંગેની દુધરેજ ગામ નમુંના નં.૬ ના હકકપત્રકે વેચાણ નોંધ નં.૩૧૭૮૧, તારીખ : ૧૮/૦૫/૨૦૧૭ ના રોજ દાખલ થયેલ અને આ સદરહું સીમ જમીન અમો લખી આપનારના સ્વતંત્ર નામે નોંધાયેલ. ત્યાર બાદ સરકારી રી–સર્વે માપણી આવતાં સદરહું દુધરેજ રે.સર્વે નં.૪૧૫ જેના એકર : ૫–૦૭ ગુંઠા એટલે કે જેના હે.આરે.: ૨–૦૯–૪૨ (ચો.મીટર) ના આશરે માપની સીમ જમીનને નવો સર્વે નં.૧૫૮ જેના હે.આરે.: ૨–૧૪–૯૨ (ચો.મીટર) ના આશરે માપથી આપવામાં આવેલ જે અંગેની દુધરેજ ગામ નમુંના નં.૬ ના હકકપત્રકે પ્રમોલગેશન નોંધ નં.૩૧૮૧૩, તારીખ : ૧૯/૦૮/૨૦૧૭ થી દાખલ કરવામાં આવેલ.

ત્યાર બાદ અમો લખી આપનારએ દુધરેજ રે.સર્વે નં.૧૫૮ (જુનો રે.સર્વે નં.૪૧૫) જેના કુલ ચો.મીટર : ૨૧૪૯૨.૦૦ ના આશરે માપની સીમ જમીનને રહેણાંકના હેતું માટે બીનખેતીના ઉપયોગમાં લેવાની પરવાનગી માંગતા સુરેન્દ્રનગરના મહે.જીલ્લા કલેકટર સાહેબે તેમની કચેરીના હુકમ નં.જમન/એન.એ./ રજી.નં.૦૬/૨૦૧૮–૧૯, તારીખ : ૧૮/૦૬/૨૦૧૮ ના હુકમથી રહેણાંકના હેતું માટે બીનખેતીનો હુકમ કરી આપેલ અને તેનો કાયદેસરનો લે–આઉટ પ્લાન બનાવી તે લે–આઉટ પ્લાનને નગર નીયોજકશ્રીની કચેરીમાં રજુ કરતાં તેમની કચેરીના હુકમ પત્ર ક્રમાંક નં.ડેવ/વઢવાણ/બિ.તા.મં/રજી નં.૧૭/૨૦૧૮, તારીખ : ૦૩/૦૫/૨૦૧૮ ના રોજથી લે–આઉટ પ્લાન મંજુર કરી આપવામાં આવેલ છે. જે મંજુર થયેલ લે–આઉટ પ્લાન મુજબના પ્લોટો પૈકી પ્લોટ નં.૫૧ જેના ચો.મીટર : ૮૭.૭૫ એટલે કે જેના ચો.વાર : ૧૦૪.૯૫ ના આશરે માપની ખુલ્લી જમીન અમો લખી આપનારની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ હોય આ સદરહું પ્લોટ વાળી ખુલ્લી જમીન અમો લખી આપનારએ તારીખ : .................ના રજી.બાનાખત નં................થી તમો લખાવી લેનારને કબજા વગરના વેચાણ બાનાખત કરારથી વેચાણ આપવાનું નકકી કરેલ જે કરારની શરત મુજબ અમો લખી આપનાર આ સદરહું પ્લોટ વાળી ખુલ્લી જમીન આજરોજ તમો લખાવી લેનારને આ અઘાટ વેચાણના દસ્તાવેજથી અઘાટ વેચાણ આપેલ છે.અને તેનો આ અઘાટ વેચાણનો દસ્તાવેજ તમો લખાવી લેનારના નામનો કરી આપેલ છે. અને આ સદરહું પ્લોટ વાળી ખુલ્લી જમીનનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો પણ તમો લખાવી લેનારને આજરોજ સોંપી આપેલ છે.

(૩) સદરહું તમોને વેચાણ આપેલ પ્લોટ વાળી મીલકતની ચારે તરફના માપ તથા દિશાઓ નું વર્ણન નિચે મુજબ દર્શાવેલ છે.

- દુધરેજ રે.સર્વે નં.૧૫૮ (જુનો રે.સર્વે નં.૪૧૫) જેના કુલ ચો.મીટર : ૨૧૪૯૨.૦૦ ના આશરે માપ વાળી રહેણાંકના હેતું માટે બીનખેતી થયેલ જમીનનાં પ્લોટો પૈકી પ્લોટ નં.૫૧ જેના ચો.મીટર : ૮૭.૭૫ એટલે કે જેના ચો.વાર : ૧૦૪.૯૫ ના આશરે માપની ખુલ્લી જમીન.

ઉત્તરે : ૧૩.૫૦ મી.ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૫૨ આવેલ છે.

દક્ષિણે :૧૩.૫૦ મી.ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૫૦ આવેલ છે.

પુર્વે : ૬.૫૦ મી.ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૫૪ આવેલ છે.

પશ્ચિમે : ૬.૫૦ મી.ના આશરે માપે તથા તે દિશામાં ૭.૫૦ મી.નો રસ્તો આવેલ છે.

**:: સ્થળ ઉપરનાં ફોટોગ્રાફસ ::**

**:: સ્થળ ઉપરનાં ફોટોગ્રાફસ ::**

મીલકત નું પોસ્ટલ એડ્રેસ : દુધરેજ રે.સર્વે નં.૧૫૮ (જુનો રે.સર્વે નં.૪૧૫) વાળી રહેણાંકના હેતું માટે બીનખેતી થયેલ જમીનનાં પ્લોટો પૈકી પ્લોટ નં.૫૧ જેના ચો.મીટર : ૮૭.૭૫ એટલે કે જેના ચો.વાર : ૧૦૪.૯૫ ના આશરે માપની ખુલ્લી જમીન.

મીલકત ખરીદનારની સહી :

મીલકત તબદીલ કરનાર(વેચનાર) ની સહી :

(૪) સદરહું તમોને વેચાણ આપેલ પ્લોટ વાળી ખુલ્લી જમીન સિવાય અલગથી કોઈ અલાયદુ પાર્કીગ/ગેરેજ માટેની જગ્યાં ફાળવવામાં આવેલ નથી.

(૫) સદરહું તમોને વેચાણ આપેલ પ્લોટ વાળી મીલકતની વેચાણ શરતોને આધિન કરેલ હોય તેમાં આપણે બન્નેં પક્ષકારોએ કોઈ પણ પ્રકારનો વાદ, વિવાદ, કે તકરાર ઉભી થાય તો આપણે બન્નેં પક્ષકારોએ એકબીજાની સમજુતીથી નિવેડો લાવવાનો રહેશે. તેમ છતાં પણ કોઈ પણ વાદ, વિવાદ, કે તકરારનો ઉકેલ ન આવેતો તેવા સંજોગો દરમ્યાન ગુજરાત સ્ટેટ રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેરા) સમક્ષ રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ–૨૦૧૬ ના નિયમ અને જોગવાઈ અનુસાર રજુ કરીને વિવાદનો ઉકેલ લાવવાનો રહેશે. જે આપણે બન્નેં પક્ષકારોએ માન્ય રાખવાનો રહેશે.

(૬) સદરહું તમોને વેચાણ આપેલ પ્લોટ વાળી મીલકત અંગે તમોને કરી આપેલ વેચાણ બાનાખતમાં એવી કોઈ જોગવાઈ કે જે રેરા કાયદા હેઠળ કે અન્ય કોઈ લાગુ કાયદાની હેઠળ અમલવારી પાત્ર ન હોય તો તેવી કોઈ પણ જોગવાઈ આપમેળે રદબાતલ ગણવામાં આવશે તેમજ સદરહું બાનાખતની અન્ય તમામ જોગવાઈઓ માન્ય તેમજ અમલવારી પાત્ર રહેશે.

(૭) એ રીતનાં માપ તથા વર્ણનનાં પ્લોટ વાળી મીલકત ઉપરથી અમો લખી આપનારએ અમારા સર્વે માલીકી હકકો આજથી ઉઠાવી લઈ,અમારા જેવા અને જેટલા હકકો આ પ્લોટ વાળી ખુલ્લી જમીન પરત્વેના છે તે તમામ હકકો સાથે યાવતચંન્દ્ર,દિવાકરૌ,અભયકુલન દાવે, વંશ પરંપરાનાં ભોગવટાનાં હકકથી આકાશથી પાતાળ પર્યતનાં હકકથી તમારા કબજા–ભોગવટનાં હકકથી તમો લખાવી લેનારને સુંપ્રત કરેલ છે.વાસ્તે,સદરહું પ્લોટ વાળી મીલકતનું તમારૂ દિલ ચાહે તે રીતે ઉપભોગ ભોગવટો કરો કે સરકારી નિયમોને આધીન તેની કાયદેસર ની વ્યવસ્થા કરો તેમાં અમો લખી આપનારને કે અમારા વંશ,વાલી,વારસો વગેરેને હરકત કરવા હકક નથી. હવે સદરહું પ્લોટ વાળી ખુલ્લી જમીન ઉપર અમારો કોઈપણ પ્રકારનો હકક, દાવો કે ઈલાખો રહયો નથી.

(૮) સદરહું પ્લોટ વાળી મીલકત નકરજી,બોજા વગરની છે. તેવી તમામ પ્રકારની ખાત્રીઓ આપીને આ વેચાણ કરેલ છે. તેમ છતાં કાંઈ તુત–ફીતુર હોય અગર નીકળે તો તેનાં અમો લખી આપનાર સંપુર્ણ જવાબદાર છીએ.

(૯) સદરહું પ્લોટ વાળી મીલકતને સરકારી મહેસુલી દફતરે,સીટી સર્વેમાં,મ્યુનીસીપલ દફતરે તમારા નામ પર તમારે ચડાવરાવી લેવાની છે. તેમ કરવામાં અમારે જે જે અરજીઓ માં સહીઓ કરી આપવી પડે તે કરી આપી પુરતો સહકાર આપવાનો છે.

(૧૦) સદરહું પ્લોટ વાળી મીલકતને લગતી સરકારી જમીન મહેસુલ તથા અન્ય કરવેરાની રકમો હવે થી તમારે ભરવાની છે. આજ પહેલા ની તેવી કોઈ રકમ ભરવાની બાકી હશે તો તે ભરવાની જવાબદારી અમો લખી આપનારની છે.

(૧૧) સદરહું પ્લોટ વાળી મીલકતને લગતા દસ્તાવેજની ઝેરોક્ષ નકલ, ઉત્તરોતર દસ્તાવેજની ઝેરોક્ષ નકલ, લે–આઉટ પ્લાનની નકલ, બીનખેતીના હુકમની નકલ, અમારા નામના ગામ નમુંના નં.ર ના હકકપત્રકની ઝેરોક્ષ નકલ, એકત્રીકરણના હુકમની નકલ, જમીન–મહેસુલ ભર્યા અંગેની પાકી પહોંચ, તલાટીશ્રી દવારા આપવામાં આવેલ એન.ઓ.સી.ની ઝેરોક્ષ નકલ આજરોજ તમો લખાવી લેનારને સોપી આપેલ છે.

(૧ર) સદરહું પ્લોટ વાળી મીલકત અંગે તમો લખાવી લેનારને વઢવાણ સબરજીસ્ટ્રાર સાહેબ સમક્ષ અમો લખી આપનારએ કરી આપેલ રજી.બાનાખત નં............, તારીખ : ............. ના રોજ કરી આપેલ વેચાણ બાનાખતમાં દર્શાવેલ તમામ શરતો આ અધાટ વેચાણના દસ્તાવેજમાં માન્ય રાખવાની રહેશે. તેમજ આ સદરહું મકાન વાળી મીલકત અંગે અમો લખી આપનાર તરફથી એલોટમેન્ટ લેટર નં........, તારીખ : .................ના રોજ એલોટ કરીને તમો લખાવી લેનારને વેચાણ આપવાનું નકકી કરેલ છે.

(૧૩) સદરહું તમોને વેચાણ આપેલ પ્લોટ વાળી મીલકત અંગે ઉપરોકત સર્વે નંબરના કોમન એરીયાને અમો અન્ય મીલકત ધારકોને સયુંકત રીતે રીતે સોંપી આપીશું જે ત્યાર બાદ સૌ મીલકત ધારકોએ એશોસીએશન અથવા સર્વિસ સોસાયટી બનાવીને ઉપરોકત સર્વે નંબરના કોમન સુવિધાઓની જાળવણી તમામ સભ્યોએ સયુંકત રીતે કરવાની રહેશે.

(૧૪) સદરહું ટાઉનશીપમાં આવેલ કોમન પ્લોટ જેનું કુલ ક્ષેત્રફળ ચો.મીટર : ૨૧૬૯.૬૭ ના આશરે માપની ખુલ્લી જમીનના વહીવટ અને મેન્ટેનન્સના તમામ હકકો સર્વીસ સોસાયટીને સોંપી આપીશું તેમજ આ સદરહું સર્વે નંબરના રોડ અને રસ્તા અંગેનું રાજીનામું લાગુ સરકારી કચેરીમાં સોંપી આપીશું.

(૧૫) સદરહું પ્લોટ વાળી મીલકતની નકકી કરેલ વેચાણ કિંમત રૂા.૧,૩૬,૫૦૦/– અંકે રૂપીયા એક લાખ છત્રીસ હજાર પાંચસો પુરા તમો લખાવી લેનારની તરફથી નીચેની વિગતેથી અમો લખી આપનારને ચુકવી આપેલ છે.

- ચેકની વિગત /બાનાખતમાં દર્શાવેલ બાનાની વિગત
- બાકી રહેતી રકમના ચેકોની વિગત...

આમ તમો લખાવી લેનારની તરફથી અમો લખી આપનારને સદરહું પ્લોટ વાળી મીલકતની નકકી કરેલ રકમ ચુકતે ચુકવી આપેલ હોય અવેજ અંગે અમો લખી આપનારને કોઈ વાંધો કે તકરાર રહી નથી.

(૧૬) સદરહું પ્લોટ વાળી મીલકત સુરેન્દ્રનગર સુધરાઈ હદમાં આવેલ હોઈ, સ્ટેમ્પ ધારા મુજબ ૪.૯૦% લેખે રૂા.૬,૭૦૦/– ના નોન જયુડીશ્યલ સ્ટેમ્પ પેપર ઉપર આ દસ્તાવેજ અમો લખી આપનારએ તમો લખાવી લેનારને તમારા ખર્ચે કરી આપેલ છે.

એ રીતનો આ અધાટ વેચાણનો દસ્તાવેજ અમો લખી આપનારએ અમારી રાજીખુશી થી, તબીયત–ચીત બહાલ રાખી, સાવધ સ્થીતીમાં સુરેન્દ્રનગર મધ્યે કરી આપ્યો છે તેની સાક્ષી બદલ આ નીચે શાખો કરનારા રૂબરૂ અમો લખી આપનારએ અમારી સહી કરી આપી છે તથા શાખો પણ કરાવી આપી છે તે અમોને તથા અમારા વંશ,વાલી,વારસો વગેરે વેરે કબુલ મંજુર સહી છે.

તારીખ : સદર
સ્થળ : વઢવાણ.
ડ્રાફટીગ બાય :: **પ્રતિકભાઈ દિપકભાઈ શાહ**
(એડવોકેટ–સુરેન્દ્રનગર)

અત્રે..........................મતું　　　　અત્રે.........................શાખ

...................................　　　　............................
**(રાજેશભાઈ અરજણભાઈ આહીર)**

............................

---

**"રજીસ્ટ્રેશન અધિનિયમ–૧૯૦૮ ની કલમ–૩૨ એ મુજબનું ફોટા તથા ડાબા હાથના અંગુઠાનું પરિશિષ્ટ"**

- લખી આપનારની સહી :
  (પ્લોટ વેચનાર) :

...................................
**(રાજેશભાઈ અરજણભાઈ આહીર)**

- લખાવી લેનારની સહી :
  (પ્લોટ ખરીદનાર) :

................................

દસ્તાવેજ નં.:............./૨૦૧૯,  તારીખ : ....../......./૨૦૧૯

**નોંધણી અધિનિયમ–૧૯૦૮ ની કલમ–૩૪ ની પેટા કલમ–૩ મુજબનું ચેક લીસ્ટ**

| અનુક્રમ નંબર | પ્રશ્ન | જવાબ (હા કે ના) |
|---|---|---|
| | દસ્તાવેજ લખી આપનારને પુછવાના પ્રશ્નો | |
| ૧. | લેખમાં દર્શાવ્યા મુજબ દુધરેજ રે.સર્વે નં.૧૫૮ (જુનો રે.સર્વે નં.૪૧૫) વાળી રહેણાંકના હેતું માટે બીનખેતી થયેલ જમીનનાં પ્લોટો પૈકી પ્લોટ નં.૫૧ વાળી ખુલ્લી જમીનનો અઘાટ વેચાણનો દસ્તાવેજ/લેખ કરી આપેલ છે.....? | હા |
| ૨. | લેખમાં  દર્શાવ્યા મુજબના ચો.મીટર : ૮૭.૭૫ ના આશરે માપની જગ્યાં ઉપર આવેલ પ્લોટ વાળી મીલકતનો અઘાટ વેચાણનો દસ્તાવેજ/લેખ કરી આપેલ છે....? | હા |
| ૩. | લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે પ્લોટ વાળી મીલકતનો અઘાટ વેચાણનો દસ્તાવેજ કરેલ હોય તમો લખી આપનારને રકમ/અવેજ કે નાણા મળી ગયેલ છે.....? | હા |
| ૪. | લેખમાં દર્શાવેલ તમામ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતેજ સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો....? | હા |
| ૫. | ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યકતીઓ સાથે લાવ્યા છો...? | હા |
| | ઓળખાણ આપનારને પુછવાના પ્રશ્નો | |
| ૧. | લેખ લખી આપનાર વ્યકતી/ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો...? | હા |
| ૨. | લેખમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકતી/ઓ એકજ છે....? | હા |
| ૩. | કોઈ વ્યકતીએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો...? | હા |

લખી આપનારની સહી ::–

ઓળખાણ આપનારની સહી ::–

................................
(રાજેશભાઈ અરજણભાઈ આહીર)

..............................

સબ રજીસ્ટ્રારશ્રી,
સુરેન્દ્રનગર.